શબ્દ સરવાણી

દોહો

ભૂલ કબૂલ કિજિયો, ચાલે નહીં ચતુરાઈ,
એક ભૂલકે કારણે, દશ ભૂલ લેત બુલાઈ.

જોડકણું

ભજન વગર ભગવાન માગે તેનું નામ નવમો ખર
આગમાં નાખે હાથ એ તો વળી ખરનોયે ખર

સુભાષિત

પ્રેમમાં એ રામ પેદા કર કે તારી જિંદેગી
મૉત પહેલાં કહી શકે ખુદ મૉતને રામરામ

ચોપાઈ

રામ ભગતિ રત નર અરૂ નારી
સકલ પરમ ગતિ કે અધિકારી
(જે નરનારી શ્રીરામની ભક્તિમાં લીન છે, તે સૌ
આજે મોક્ષનાં અધિકારી બની ગયાં છે.)

સોરઠો

કહેતાં ન આવે પાર, રાજા થઈ રંજાડતાં,
રાજા નહીં ગમાર, સાચું સોરઠિયો ભણે.

છપ્પો

દંષ્ટ પદારથ ચિત્તનો ઘડ્યો, ચિત્તવત અંને ચિત્ત શું જડ્યો
ચિત્તરૂપી રોગ મનનો થયો, અખા આયખું ભુલી ગયો
સર્વ વિકાર એ મનનો જાણ, ચોરાશી લક્ષ ને ચારે ખણ

શ્લોક

ગુણો ભુષયતે રૂપે શીલં ભૂષયતે કુલમ
સિદ્ધિર્ભૂષયતે વિદ્યા ભોગો ભૂષયતે ધનમ્
(ગુણથી રૂપ, શીલથી કુળ, સિદ્ધિથી વિદ્યા
અને દાનથી ધનની શોભા વધે છે.)

શીખ

મૂળા, મોગરી, ગાજર, બોર,
રાતે ખાય તે નિશ્ચે ઢોર.

જાણવા જેવું

- ધરો (દુર્વા) નામનું ઘાસ સર્વવ્યાપી છે.
- આફ્રિકાનું સહરા રણ વિશ્વનું સૌથી મોટું રણ છે, જેનો કુલ વિસ્તાર ૯૦ લાખ, પાંસઠ હજાર કિલોમીટર છે.
- જગતની સૌથી મોટી ખીણ - પાતાળ ખીણ - અમેરિકામાં આવેલી છે, જેની લંબાઈ ૩૪૯ કિમી, પહોળાઈ ૧૫ કિમી અને ઊંડાઈ ૧૬૧૫ કિમી છે. ખીણનું નામ 'ગોર્જે' છે.
- ભારતની સોમવલ્લી વનસ્પતિ જગતમાં સૌથી વધુ વંદનીય અને સ્તુતિલાયક ગણાય છે. વેદોમાં આ એક જ વનસ્પતિની સ્તુતિના કુલ ૧૧૪ મંત્રો છે.
- હિન્દુ ધર્મમાં ૮૪ લાખ યોનિઓનો ઉલ્લેખ છે, તેમાં ૨૧ લાખ ઉદ્‌તિજ, ૨૧ લાખ સ્વેદજ, ૨૧ લાખ પક્ષી-સરીસૃપ અને ૨૧ લાખ સસ્તન જીવો ગણાય છે.
- પૃથ્વીના કુલ વિસ્તાર પૈકી ૭૧ ટકા પાણી છે, જેનું ક્ષેત્રફળ ૩૬,૧૬,૩૭,૦૦૦ ચોરસ કિમી હોવાનું મનાય છે.
- વિશ્વકોષ તૈયાર કરવાની શરૂઆત તા. ૨-૧૨-૧૯૮૫ના રોજ થઈ હતી. પ્રથમ ગ્રંથ તા. ૨-૧૨-૧૯૮૯ના રોજ તૈયાર થતાં તેનું વિમોચન પૂ. પ્રમુખસ્વામી મહારાજના હસ્તે થયું હતું.
- ગોધરા, કલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદ એમ પાંચ મહાલ તાલુકાના કારણે જિલ્લાનું નામ પંચમહાલ પડ્યું છે.
- 'આબ' એટલે પાણી. પાંચ નદીઓ - જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજનાં પાણી ભેગાં મળતાં પંજાબ નામકરણ થયું છે.
- ગીતકાર આનંદ બક્ષીએ ૭૦ વર્ષની ઉમરે પણ શ્રેષ્ઠ ગીતોની રચના કરી છે.
- ભારતનાં પ્રથમ આઈએએસ મહિલાનું નામ અન્ના રાજમ જ્યૉર્જ છે, જેઓ ૧૯૫૪માં આઈએએસ થયાં.
- ભારતના પ્રથમ સમાચારપત્ર તરીકે ૧૭૮૦માં પ્રગટ થયેલ બંગાલ ગેઝેટનું નામ લેખાય છે.
- ક્રિકેટ, ફૂટબૉલ અને હોકી - એ પ્રત્યેક રમતમાં એક ટીમમાં ખેલાડીઓની સંખ્યા ૧૧ હોય છે.
- વિશ્વની સૌથી જૂની હસ્તપ્રત ઈપૂ ૨૦૦૦ વર્ષ પહેલાંની છે, જે ઑક્સફર્ડમાં બોડલિયન પુસ્તકાલયમાં સચવાઈ છે, જેનું નામ છે 'સરિતી'. તે એક સુખાંત કથા છે.

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

આજથી ગાંધીનગરમાં પરીક્ષાનો માહોલ

પ્રાથમિકથી માધ્યમિક સુધીના વિદ્યાર્થીઓ પરીક્ષામય બન્યા

ગાંધીનગર, તા.૧

સમગ્ર ગુજરાતની શાળાઓમાં આજે તા. ૨જી એપ્રીલથી વાર્ષિક પરીક્ષાનો શુભારંભ થઈ રહ્યો છે. જે લગભગ ૧૩મી એપ્રીલ સુધી ચાલશે. વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં ઉંચી ટકાવારી લાવવા જે મહેનત કરી રહ્યા છે તેનું પ્રતિબિંબ વિદ્યાર્થીઓને આજે પ્રશ્નપત્ર હાથમાં આવતાની સાથે જ મળી જશે.

માર્ચ મહિનામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ ખૂબ જ સરસ રીતે પૂર્ણ થઈ છે ત્યારે હવે પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની પરીક્ષાનો આજથી શુભારંભ થઈ રહ્યો છે. ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ સવારે અને બપોરે પોતે વાંચેલા વિષયોની ખૂબ જ શિસ્ત અને સંયમ સાથે દિલધડક પરીક્ષા આપશે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ કોમર્સ, આર્ટસની પરીક્ષા પણ વિદ્યાર્થીઓ સારી રીતે આપશે. ખાસ તો છેલ્લા બે મહિનાઓથી શાળાઓમાં વાર્ષિક પરીક્ષાના અભ્યાસક્રમને પૂરો કરીને પુનરાવર્તનનું કામકાજ ચાલ્યું હોય છે. શાળામાં વિદ્યાર્થીઓ ઉંચું પરિણામ લાવવા તનતોડ મહેનત કરી રહ્યા હોય છે. આખા વર્ષની પ્રથમ, દ્વિતીય અને તૃતિય પરિક્ષાના પરિણામ સાથે હવે સર્વાંગી મૂલ્યાંકન પણ થઈ રહ્યું છે. નવા વર્ષથી ધોરણ-૯માં દાખલ કરેલી સેમેસ્ટ પદ્ધતિથી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પરીક્ષાનું ભારણ ઘટ્યું છે. અને વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ અને સહજ રીતે પરીક્ષા આપવાનું માળખું ઘડાયું છે તેનાથી વિદ્યાર્થીઓ ખૂશમાં છે. તા. ૨જી એપ્રીલથી ૧૩મી એપ્રીલ સુધી ચાલનારી ધોરણ, ૧થી ૮ અને ૯, ૧૧ની વાર્ષિક પરીક્ષામાં વિદ્યાર્થીઓ ખૂબ જ મહેનત કરી રહ્યા છે. ટ્યુશને જતાં વિદ્યાર્થીઓને બેથી ત્રણવાર પુનરાવર્તન થઈ ગયું છે અને એસાઈન્ટમેન્ટ તથા પેપર સોલ્યુશન દ્વારા કેટલાક વાલીઓ, શિક્ષકો પોતાના બાળકોને વધુ મહેનત કરાવી રહ્યા છે. ગાંધીનગરની કેટલીક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તો ૨૯મી માર્ચે જ મૌખિક કસોટીઓ પૂર્ણ થઈ ગઈ હતી. ત્યાર પછીના ત્રણ દિવસ વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષાની તૈયારી માટે રજા અપાઈ હતી. આજે શરૂ થનારી શાળાની પરીક્ષામાં વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહ અને વિશ્વાસ સાથે પોતાની પરીક્ષા આપશે તેવી શાળાના શિક્ષકો અને વાલીઓએ પ્રતિસાદ આપ્યો હતો.

શ્રીમદ્ ભાગવત કથા નિમિત્તે નગરમાં પુસ્તક પરબ મંડાશે

ખુલ્લા હાથે પુસ્તક દાન આપવા માટે નગરજનોને અપીલ

ગાંધીનગર, તા. ૧

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણીની પરબો તો ગાંધીનગરમાં ઠેર ઠેર જોવા મળે છે, પરંતુ લોકોની વાચનતૃષાને સંતોષવા આ વખતે એક 'પુસ્તક પરબ'નું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આગામી તા. ૭ એપ્રિલથી તા. ૧૪ એપ્રિલ દરમ્યાન પ્લૉટ નં. ૮૧૬/૧ સામેના કૉમન પ્લૉટ, સેક્ટર-૫ સી ખાતે આ કથાનું આયોજન કરાયું છે. વિદ્વાન વક્તા શ્રી દેવેન્દ્રભાઈ ત્રિવેદી આ પાવન કથાનું શ્રોતાઓને રસપાન કરાવશે અને કથા અંતર્ગત સમજણભર્યા સંવાદો પણ કરશે.

આ પ્રસંગની વિશેષતા એ છે કે કથા શ્રવણ માટે આવતાં ભાવિકો માટે નિઃશુલ્ક 'પુસ્તક પરબ'નું આયોજન પણ કરવામાં આવ્યું છે. મતલબ કે કથા સ્થળે એવું પણ એક સ્થાન હશે જ્યાંથી કોઈપણ વ્યક્તિને વિનામૂલ્યે પુસ્તકો મળી શકશે અને તેના દ્વારા એ પોતાની વાચનતૃષા સંતોષી શકશે. 'પુસ્તક પરબ' પ્રવૃત્તિનો બહોળો અનુભવ ધરાવતી નગરની અનુભવી સંસ્થા જી ઈ ક્લબ દ્વારા પરબની આ પ્રવૃત્તિનું સંચાલન કરવામાં આવશે.

કથાનો લાભ મોટી સંખ્યામાં ભાવિકો લેવાના હોવાથી પુસ્તક પરબ માટે મોટી સંખ્યામાં પુસ્તકો જોઈશે એવો પણ અંદાજ બાંધવામાં આવ્યો છે, જે માટે સૌ નગરજનોના સહકારની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

આ પુસ્તક પરબ માટે પુસ્તકો આપવા માટે આયોજકો તરફથી નગરજનોને જાહેર અપીલ કરવામાં આવી છે. જે કોઈ નગરજન પુસ્તક પરબ માટે પુસ્તકો આપવા માંગતા હોય તેમના ઘરેથી પુસ્તકો લઈ જવાની વ્યવસ્થા આયોજકો તરફથી ગોઠવવામાં આવી છે. પુસ્તક દાન માટે રાજેશભાઈ ત્રિવેદી (૨૩૨૩૬૬૩૯, ૯૪૨૭૩ ૧૦૮૬૬) અથવા કુંતલ નિમાવત (૯૮૨૪૫ ૧૦૧૪૫)નો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

રામ નવમી અને સ્વામિનારાયણ જયંતિ લોકો દિવસભર ધાર્મિક પ્રવૃત્તિઓમાં લીન

મંદિરો ભાવિકોથી ઊભરાયાં : દિવસભર ધૂન-ભજનોનો દોર ચાલ્યો

ગાંધીનગર, તા. ૧

રામ નવમી અને ભગવાન સ્વામિનારાયણ જયંતિ એમ બેવડા ધાર્મિક પર્વ નિમિત્તે ગાંધીનગર શહેર, જિલ્લામાં આજનો સમગ્ર દિવસ ધર્મમય રહ્યો હતો, લોકો દિવસ આખો વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રત રહ્યા હતા.

રામનવમી ઉપરાંત સ્વામિનારાયણ જયંતિ અને રવિવારનો ત્રેવડો લાભ આજે લોકોને મળ્યો હતો, જેનો ભરપૂર ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિ માટે લોકોએ કર્યો હતો. મંદિરોમાં તો સવારથી જ ભાવિકોની ભીડ લાગવી શરૂ થઈ ગઈ હતી. આ ઉપરાંત અનેક મંદિરોએ આજે રામજન્મોત્સવ તેમજ ભજનનું આયોજન પણ કર્યું હતું.

બપોરે બાર વાગ્યાના ટકોરે રામજન્મની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અને પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. એ પછી બપોરે ને સાંજે ભજન, ધૂનનો કાર્યક્રમ પણ મંદિરોમાં યોજવામાં આવ્યો હતો. અનેક ભાવિકોએ પોતાનાં ઘરોમાં પણ ભજનના કાર્યક્રમોનું આયોજન કર્યું હતું, તો અનેક જગ્યાએ આનંદના ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

અનેક જ્ઞાણીતી ભજન મંડળીઓએ આજે ત્રણ શિફ્ટમાં ભજનોના કાર્યક્રમો યોજયાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

જિલ્લાનાં સ્વામિનારાયણ મંદિરોમાં પણ સવારથી જ ભક્તોની ભીડ જામેલી રહી હતી અને દિવસભર મંદિરો વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમધમતા રહ્યા હતા.

છેક મોડી રાત સુધી જિલ્લામાં ધાર્મિક ભજન, ધૂનના જ આલાપ સાંભળવા મળતા હતા એટલા લોકો ધાર્મિક પ્રવૃત્તિમાં રત રહ્યા હતા.

સરકારે તબીબોનું વિચાર્યું પણ સામાન્ય પ્રજાનું ?

તબીબોને કાયદાકીય રક્ષણ એટલે પોતાની મનમાની કરવાનો છૂટ્ટો દોર

ગુજરાતમાં સરકારી દવાખાનાંમાં ફરજ બજાવતા તબીબો અને સ્ટાફ પર દરદીઓના પરિવાર કે સગા-વ્હાલા દ્વારા કરવામાં આવતા હૂમલા સામે તાજેતરમાં જ વિધાનસભામાં સર્વસંમતિથી રક્ષણાત્મક વિધેયક પસાર કરવામાં આવ્યું છે ત્યારે પ્રશ્ન ઉપસ્થિત થાય કે આવા ડૉક્ટરો કે સ્ટાફ દ્વારા દરદીઓને કરવામાં આવતી હેરાનગતિનું શું? કાયદા પૂર્વે જ આવી પરિસ્થિતિ નિર્માણ પામતી હોય તો હવે તો કાયદાકીય રક્ષણ મળશે ત્યારે કેવું ચિત્ર નિર્માણ પામશે તે જોવાનું છે અને હવે તો તબીબી સ્ટાફને મનમાની કરવાનો છૂટ્ટો દોર મળી જશે.

વિધાનસભામાં પસાર કરાયેલા એકતરફી કાયદામાં કોઈ એવી જોગવાઈ નથી કે ગરીબ દરદીઓનું પણ રક્ષણ થાય. એટલે તબીબોનું દરદીઓ પ્રત્યેનું જે થોડું-ઘણું સહાનુભૂતિભર્યું વલણ હશે તેમાં પણ પ્રશ્નાર્થ મૂકાઈ જશે. બીજી બાજુ ડૉક્ટરો હવે આ કાયદાથી પ્રૉફેશનલ બની જશે કારણ કે તેમનું કશું કોઈ બગાડી શકશે નહીં. ઊલટું દરદીઓ પ્રત્યે ડૉક્ટરોની બેદરકારી વધી જશે અને વલણ પણ બદલાઈ જશે. આમાં હૂમલાનું કારણ શોધવાની તસ્દી લેવામાં આવી નથી.

કંઈક કહેવું છે

સાયકોલૉજીકલ રીતે ગરીબ દરદી હંમેશા લાગણીશીલ વધુ હોય છે. હૂમલો ત્યારે જ કરવામાં આવતો હોય છે જ્યારે સામે પક્ષે આવું કોઈ વર્તન કરવામાં આવ્યું હોય, દરદીના પરિવારની લાગણી શા માટે ઉશ્કેરાઈ તેનું કારણ ડૉક્ટરો દ્વારા આ પ્રકારનું વર્તન પણ હોઈ શકે છે.

કાયદાની જોગવાઈ પ્રમાણે હૂમલાના કિસ્સામાં બિનજામીનપાત્ર ગુનો નોંધવાની અને ૫૦ હજાર રૂપિયાનો દંડ કે ૩ વર્ષની જેલની સજા. પ્રથમ એ વિચારવું જોઈએ કે જે દરદી પાસે રૂપિયા ૫૦ હજાર હોય તેઓ સરકારી દવાખાનામાં સારવાર અર્થે જાય ? ગરીબ દરદી કે પરિવાર એક દિવસ પણ પેટિયું રળવા માટે દાડિયું ભાંગવા સક્ષમ ન હોય તે શું ૩ વર્ષની જેલ કાપવા સક્ષમ હોય ?

બીજું કે વિધેયકમાં ગરીબ દર્દીઓની સારવાર પ્રત્યે બેદરકારી દાખવતા ડૉક્ટરો સામે પણ કાયદાકીય નક્કર જોગવાઈ રાખવી જરૂરી છે. ડૉક્ટરો દર્દીઓને સારવાર આપતા હોય એનો અર્થ એવો નથી કે તેઓ મફતમાં સારવાર આપે છે. સરકાર તગડો પગાર આપે છે, બદલામાં દરદીઓ સારવાર લેવાના હકદાર છે.

ઘણા કિસ્સામાં એવું બનતું હોય છે ગરીબ દરદીઓને આપવા માટેની મોટાભાગની સરકારી દવા પગ કરી જતી હોય છે. દવાખાનામાં ઉપલબ્ધ હોવા છતાં બહાર મેડિકલમાંથી ખરીદવા દરદીઓને ફરજ પાડવામાં આવતી હોય છે અને આ દવાનો ઉપયોગ પોતાની ક્લિનીકમાં કરતા હોય છે. જે અંગે સઘન ચેકીંગ કરવામાં આવતું નથી. અને પેંધી ગયેલા ડૉક્ટરો અન્ય પૈસાદાર લોકો પાસેથી તગડી કમાણી કરી લેતા હોય છે.

સરકારી માલ-મિલકતને નુકસાન પહોંચાડે તે સમયે દરદી અને તેનો પરિવાર સંપૂર્ણપણે ડિપ્રેશન હેઠળ હોય છે. તબીબોના સહાનુભૂતિભર્યા વલણને બદલે બેદરકારીભર્યા વલણને કારણે દરદીઓના સ્નેહીજનો હૂમલો કરવા પ્રેરાતા હોય છે. જાણી-જોઈને નુકસાન પહોંચાડવાનો ઈરાદો હોતો નથી. આની પાછળનું કારણ માનસિક ચિંતા હોઈ શકે છે. (આ તો ભાઈ પાડાને વાંકે પખાલીને ડામ દેવા જેવી વાત છે.)

- વૃંદાવન સાંચેલા

આ વિભાગમાં આવતા લેખો સાથે અખબાર સંમત છે એમ માની લેવું નહીં

આવતીકાલનો ઉજાસ

દીર્ઘા કનુભાઈ પ્રિયદર્શી
ધોરણ-૯
પ્રેરણા વિદ્યાલય

દીર્ઘા અભ્યાસ ઉપરાંત શાળાના વિવિધ કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લે છે. ગણિત વિષયમાં તે ઊંડો રસ ધરાવે છે. તેને ગાયનનો બહુ શોખ છે.

ખેલ મહાકુંભની ખો-ખો, ફેન્સીંગ જેવી સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી તેણે શાળાને ગૌરવ અપાવ્યું છે. ભવિષ્યમાં ઍર હૉસ્ટેસ બનવાનું તેનું સ્વપ્ન છે.

વિશાલ પી સોનારા
ધોરણ-૯
આદર્શ નિવાસી શાળા

અભ્યાસમાં અવ્વલ એવો વિશાલ ચિત્ર વિષયમાં ઊંડો રસ અને સૂઝ ધરાવે છે. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો પણ તે માનીતો વિદ્યાર્થી છે.

ગત ૨૬મી જાન્યુઆરીના રોજ સરકારી વસાહત મંડળ, સેક્ટર-૮ દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધામાં વિશાલે પ્રથમ ક્રમનું ઈનામ મેળવ્યું હતું. વસાહત મંડળના અધ્યક્ષ તરફથી તેને ચિત્રની કીટ પુરસ્કારરૂપે આપવામાં આવી હતી.

ધો. ૮ની પરીક્ષામાં 'બળબળતી બપોર' પર નિબંધ પૂછાયો

ગાંધીનગર, તા. ૧

ઉનાળો આકરો થયો છે તેવા સમયગાળામાં જ વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાઓની સીઝન ચાલી રહી છે. ગઈકાલે લેવાયેલી ધો. ૮ની ગુજરાતીની પરીક્ષામાં 'બળબળતી બપોર' વિશે નિબંધ પુછાતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. ઉનાળાની આકરી ગરમીનો અનુભવ કરી રહેલા વિદ્યાર્થીઓએ આ વિષય પસંદ કરી જાતભાતના વિચારો કાગળ પર ઉતાર્યા હતા. મોટાભાગના વિદ્યાર્થીઓએ આ જ વિષય પર નિબંધ લખ્યો હતો.

ગાંધીનગર પોતાના આહ્લાદક એવા નૈસર્ગિક વાતાવરણથી સાહિત્યકારો માટે ખોળો પાથરે છે

સાહિત્ય સર્જકો, વાચકો અને એથી અદકા ભાવકો થકી ભર્યું ભર્યું ગાંધીનગર, એના આહ્લાદક એવા નૈસર્ગિક વાતાવરણથી સાહિત્યકારો માટે ખોળો પાથરે છે! અહીં લાગણી ઉદધીની જેમ વાંસ ઊંચી ઉછળે છે, અહીં સ્વપ્નાં પણ લાગણીથી લૂબ્ઝૂમ્બ લચીલાં હોય છે. હા, આ આપણું પ્યારું ગાંધીનગર છે! ૧૯૭૦ના એપ્રિલ-મેની કોઈ શુભ ઘડીએ આ નગરમાં માનવ વસવાટ શરૂ થયો અને તે સાથે થયો લાગણીનો સંચાર, બરાબર બે વર્ષ પછી ૧૯૭૨માં અહીં વસતા સાહિત્ય સર્જકો અને ભાવકોએ 'મિજલસ' નામે સાહિત્ય મંડળની સ્થાપના કરી, જે પૂરાં ત્રણેક વર્ષ સુધી સક્રિય રહ્યું. એના આશ્રયે યાદગાર એવું કવિ સંમેલન પણ યોજાયું જેનું સંચાલન કવિ 'સ્નેહરશ્મિ'એ કર્યું, એ ધન્ય ઘડી! અન્ય સાહિત્યકારોને નિમંત્રી વ્યાખ્યાનો પણ યોજાયાં પણ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની અવારનવાર થતી બદલીઓ અને કેટલાંક અંગત કારણોસર મિજલસની પ્રવૃત્તિઓ મંદ પડી. તે પછી ગુજરાત સાહિત્ય સભા નામે નવી સંસ્થા થઈ પણ એકાદ-બે કાર્યક્રમો આપી તે સંસ્થા પણ બંધ પડી ગઈ.

થોડાક તરવરિયા અને ઉત્સાહી યુવાન સર્જકો સાથે મળ્યા અને બૃહસ્પતિ સભા નામે નવેસરથી એક સંસ્થા સ્થાપી તેમાં સર્જકો સાથે ભાવકો પણ હતા. અઠવાડિયે એક દિવસ સૌ ભેગાં મળતાં અને સાહિત્યિક ગોષ્ઠી કરતાં. વાંચન અને વાત-વિવાદ પણ થતાં. પરંતુ એમાં પણ ભરતી-ઓટની જેમ નિષ્ક્રિયતા આવી. વળી થોડાંક યુવાન મિત્રો 'સંવાદ' નામે સંસ્થા લાવ્યા જેમાં ફિલ્મી ગીતો, સુગમ સંગીત અને સાહિત્યિક ચર્ચાઓ થતી રહી. મૂળે તો આ કર્મચારીઓ, અધિકારીઓનું નગર. બદલી, વતન પ્રયાણ જેવાં કારણોસર પ્રવૃત્તિમાં સ્થગીતતા આવી. કેટલાંક સારા ભાવકો અને વાચકો સાથે સાહિત્ય સર્જકોની એક બેઠક ઍન્જિનીયરીંગ સ્ટ્રાફ કૉલેજ ખાતે મળી અને સાહિત્યના ભાવકોનું મંડળ રચવું તેવા ખ્યાલ સાથે સર્જકોએ ભાવકોની સંવાદિતા સાધવાના હેતુથી 'ગાંધીનગર સાહિત્ય સભા' નામે સંસ્થાની રચના કરવા સૌ સંમત થયા જેમાં નગરના પ્રબુદ્ધ સાહિત્ય સર્જકો, ભાવકોની ૭૦થી પણ વધારે સંખ્યા ઉપસ્થિત રહી. તેની પ્રથમ બેઠક તા. ૧-૨-૧૯૯૮ના રોજ મળી અને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રથમ પ્રમુખ તરીકે વિરિષ્ઠ કવિ, સાહિત્યકાર શ્રી હરિકૃષ્ણ પાઠકની વરણી કરવામાં આવી. પ્રથમ મંત્રી કવિ શ્રી રમણિકલાલ વ્યાસ વરાયા. બે વર્ષ સુધી ઘણી સરસ પ્રવૃત્તિઓ થઈ. નિમંત્રીત સાહિત્યકારો સર્વશ્રી તખ્તસિંહજી પરમાર, સ્વ. મનહર મોદી અને સ્વ. બકુલ ત્રિપાઠી જેવા પ્રશિષ્ઠ સાહિત્યકારોએ આ સંસ્થામાં આવી વ્યાખ્યાનો આપ્યાં.

ગાંધીનગર સાહિત્ય સભાની સ્થાપનામાં જેઓ પાયાના ભાવક, સાહિત્યકાર હતા તે ઍન્જિનીયર પણ સાહિત્યપ્રેમી શ્રી બળવંત પટેલ, ૨૦૦૨માં સંસ્થાના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરાયા. મંત્રી તરીકે શ્રી છોટુભાઈ રાખશિયા અને અન્ય મંત્રી તરીકે ભાનુપ્રસાદ પુરાણીની પસંદગી થઈ. આ વર્ષોમાં સંસ્થા ઘણી જ પ્રવૃત્તિસભર બની. વ્યાખ્યાનો, પુસ્તક પ્રદર્શનો, ક્વિઝ જેવા ઘણા સારા કાર્યક્રમો થતાં રહ્યા. શ્રી છોટુભાઈ રાખશિયાનું અવસાન થતાં મંત્રી તરીકે શ્રીમતી કલ્પના જિતેન્દ્રની વરણી થઈ. શ્રી ભાનુપ્રસાદ પુરાણીની ઉપાધ્યક્ષ તરીકે પસંદગી થઈ.

ગુજરાતી ભાષાના લબ્ધ પ્રતિષ્ઠ એવા અનેક સાહિત્યકારો, કવિઓએ આ સંસ્થાની મુલાકાતો લીધી છે. ગુજરાતી સાહિત્ય પરિષદનાં વ્યાખ્યાનો પણ આ સંસ્થાને નિયમિત મળતાં રહ્યાં છે. શ્રી બળવંત પટેલને વિદેશ જવાનું થવાથી ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ તરીકે એપ્રિલ, ૨૦૦૮માં સર્વાનુમતે ભાનુપ્રસાદ પુરાણીની પસંદગી થઈ. ઉપાધ્યક્ષ તરીકે જાણીતા લેખક, કૉલમિસ્ટ શ્રી દોલત ભટ્ટ તથા મંત્રી તરીકે કવિ રજનીકાન્ત સથવારા વરાયા. કવિ રજનીકાન્ત સથવારા સરકારમાં ઉચ્ચ હોદ્દાએ નિમણૂંક પામતાં મંત્રી તરીકે શ્રી ભરત કવિ 'ઉર્મિલ'ની પસંદગી થઈ. કોષાધ્યક્ષ તરીકે શ્રી ભાલચન્દ્ર દવેનું આકસ્મિક અવસાન થતાં શ્રી કિશોર જીકાદરાની વરણી કરવામાં આવી.

ગાંધીનગર સાહિત્ય સભાની પ્રવૃત્તિઓ વેગવંતી બનતી રહી. શ્રી વિનેશ અંતાણી, સુ. પ્રીતિ સેનગુપ્તા, શ્રી રતિલાલ બોરીસાગર, સ્વ. જયંત પંડ્યા, શ્રી વિજય ચોધરી, પદ્મશ્રી ભોળાભાઈ પટેલ, ડૉ. ચન્દ્રકાન્ત મહેતા, પદ્મશ્રી પ્રવીણ દરજી, ડૉ. કિશોરસિંહ સોલંકી, કવિશ્રી મણિલાલ હ પટેલ, દ્રષ્ટિ પટેલ, મોહમ્મદ માંકડ, રાઘવજી માધડ જેવા સાહિત્યકાર, કવિ, વિવેચક મહાનુભાવોએ આ સંસ્થાની મુલાકાત લીધી છે અને જાહેર વ્યાખ્યાનોમાં સહભાગી બન્યા છે, એનું આ સંસ્થાને ગૌરવ છે.

જેઓનું સ્મરણ આજેય ભીંજવે છે એવા પ્રથમ મંત્રી રમણિકલાલ વ્યાસ, ઉપાધ્યક્ષ સ્વ. ધનંજય ગૌતમ, સ્વ. ભાલચન્દ્ર દવે, સ્વ. ચન્દ્રકાન્ત વાગડિયા, સ્વ. છોટુભાઈ રાખશિયાએ આ સંસ્થા માટે આપેલ સહયોગ હંમેશા યાદ રહેશે.

વર્ષ ૨૦૦૮ના ડિસેમ્બર માસમાં આ સંસ્થાએ તેની દશાબ્દિ ઉજવી. સાહિત્યિક પરિસંવાદ, પુસ્તક પ્રદર્શન, કવિ સંમેલન અને સાહિત્યના વિવિધ સ્વરૂપો વિશે મનનીય વ્યાખ્યાનો યોજાયાં. સંસ્થાએ તેના વાર્ષિકોત્સવ અને દશાબ્દી મહોત્સવ નિમિત્તે 'શબ્દ સુધા'નું દળદાર પ્રકાશન કર્યું. દશાબ્દી મહોત્સવ અને પ્રકાશન સમિતિના અધ્યક્ષ તરીકે સનદી અધિકારી, લોકપ્રિય કવિ શ્રી ભાગ્યેશ જહા તથા પ્રવક્તા, નાટ્યવિદ્ શ્રી મનોજ શુકલની સેવાઓ નોંધપાત્ર રહી.

વર્ષ ૨૦૧૦માં ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી ગાંધીનગર સાહિત્ય સભાનો વાર્ષિકોત્સવ સંપન્ન થયો. વિશેષતઃ ગાંધીનગર સાહિત્ય સભાએ તેના સભ્ય સર્જકોના લેખો, કાવ્યોનું સંકલન 'ઘર દીવડાનું અજવાળું' નામે પ્રકાશિત કર્યું અને સાહિત્યિક વ્યાખ્યાનો વગેરે યોજ્યાં.

મૂર્ધન્ય સાહિત્યકાર કવિ શ્રી ઉમાશંકર જોશી તથા પત્રકાર, લેખક સ્વ. કૃષ્ણલાલ શ્રીધરાણીના જન્મશતાબ્દિ વર્ષ નિમિત્તે સ્વ. ઉમાશંકર જોશી તથા સ્વ. કૃષ્ણલાલ શ્રીધરાણીની સાહિત્યિક સેવાઓને ઉજાગર કરતાં વ્યાખ્યાનો થયાં. સ્વ. કૃષ્ણલાલ શ્રીધરાણી દ્વારા લિખિત બાળનાટક 'વડલો' યુવા નાટ્યકાર કુંતલ નિમાવતના નિર્દેશનમાં તૈયાર થયું, જેમાં પ્રેરણા વિદ્યાલયનાં ૪૦થી વધુ બાળકોએ અભિનય કર્યો. આ નાટક ટાઉનહૉલમાં ભજવાયું. કવિ, નાટ્યકાર ઉમાશંકર જોશીનું જાણીતું નાટક 'બારણે ટકોરા' રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સહયોગમાં રહીને ટાઉનહૉલમાં ભજવાયું, જેનું દિગ્દર્શન નાટ્યવિદ્ શ્રી પ્રકાશ લાલાએ સફળ રીતે કર્યું. પાત્રોમાં આશા સરવૈયા, હરેશ ભટ્ટ, ઈમરાન મેમણ, કિન્નરી દવે, મનન પુરાણીએ અભિનયનાં અજવાળાં પાથર્યાં. સહદિગ્દર્શક તરીકે શ્રી હસમુખ મૅકવાનની પણ સેવાઓ નોંધપાત્ર રહી. આ નાટકના ૭ શો થયા. ૨૦૧૨નું વર્ષ મૂર્ધન્ય નવલકથાકાર શ્રી પન્નાલાલ પટેલની જન્મશતાબ્દી. આ નિમિત્તે ગાંધીનગર સાહિત્ય સભાએ સાહિત્યિક યાત્રા કરી જેમાં પન્નાલાલ પટેલનું વતન, જન્મસ્થાન માંડલી (રાજસ્થાન)ની મુલાકાત લઈ તેઓની હિન્દીભાષી રાજ્ય વિસ્તારમાં 'પ્રખર ગુજરાતી સાહિત્યકાર શ્રી પન્નાલાલ પટેલનું નિવાસસ્થાન' દર્શાવતું કાયમી જળવાઈ રહે તેવું લોખંડના ઍંગલો પરનું બૉર્ડ સૌના સહયોગથી મૂક્યું. ગૌરવની ઘટના એ બની કે આ સાહિત્યિક પ્રવાસમાં સ્વ. પન્નાલાલ પટેલના સુપુત્ર શ્રી ભરત પટેલ ઉપસ્થિત રહ્યા. શ્રી પન્નાલાલ પટેલ લિખિત નવલકથા 'મળેલા જીવ'નું નાટ્ય રૂપાંતર જાણીતા નાટ્યકાર, દિગ્દર્શક, લેખક શ્રી નિમેષ દેસાઈએ અત્રેના ટાઉનહૉલમાં સંગીત નાટક અકાદમીના સહયોગથી કર્યું. ગાંધીનગર સાહિત્ય સભા પ્રાયોજિત આ નાટક નગરજનોનાં હૈયે વસી ગયું.

આ ગાંધીનગરમાં સાહિત્યિક પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસારને કારણે અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ તથા અત્રેના એકમાત્ર દૈનિક ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહાના સહયોગથી ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૪મું અધિવેશન યોજાયું જે ચિરસ્મર